## હીરામણી સ્કૂલનો સ્કૂલ ક્રિકેટમાં વિજય

ગાંધીનગર, તા. ૨૪

હીરામણી સ્કૂલ અને શાહપુર ટ્યુટોરીયલ વચ્ચે તાજેતરમાં રમાયેલી અન્ડર-૧૯ વનડે ક્રિકેટ ટૂર્નામેન્ટમાં હીરામણી સ્કૂલનો શાનદાર વિજય થયો છે.

હીરામણી સ્કૂલે રૂષિ મિસ્ત્રીના ૪૨ રન સાથે ૧૫ ઓવરમાં ૧૦ વિકેટે ૧૭૪ રન બનાવ્યા હતા. તેની સામે શાહપુર ટ્યુટોરીયલ ૧૦ વિકેટે ૮૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. હીરામણી સ્કૂલ વતી કુશાંગ પટેલે ૩ વિકેટ, પુરૂ ભટ્ટે ૨ વિકેટ, મંતવ્ય સોનીએ ૨ વિકેટ અને રોનક ઠાકોરે ૨ વિકેટ ઝડપી હતી. શાહપુર ટ્યુટોરીયલ સ્કૂલ સામે હીરામણી સ્કૂલનો ૯૪ રને શાનદાર વિજય થયો હતો.



'સ્વચ્છ ભારત અભિયાન' દેશભરમાં જોરશોરથી ચલાવાઈ રહ્યું છે. પરંતુ હજુ પણ આપણા દેશમાં સ્વચ્છતા પ્રત્યેનો અભિગમ બદલાયો હોય તેવા આસાર નજરે ચઢતાં નથી. આપણા કૃત્રિમ જળસ્ત્રોતો હાલના સંજોગોમાં પાણીની અછતના કારણે અત્યંત મહત્વના છે. પરંતુ આ જળસ્ત્રોતોની હાલત દયનીય જોવા મળી રહી છે. શહેરના પાદરે આવેલા ગુડા વિસ્તાર વાવોલ ખાતે વિકસાવાયેલ જળાશયમાં વધી ગયેલ ગંદકી આનુ દેખીતુ ઉદાહરણ છે. જો જળાશયોની હાલત આવી જ રહેશે તો પ્રજા પર ગંભીર રોગચાળાની ભીતિને નકારી ના શકાય. સત્વરે વાવોલના તળાવ અને તેની આસપાસની ગંદકીને સાફ કરવામાં આવે તેવી તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

# જિલ્લા સંગઠ્ઠનમાં ૬૪ હોદ્દેદારો અને ૨૨ કારોબારી સભ્યો નિમાયા

### સામુહિક નેતૃત્વની દિશામાં પક્ષ નવતર અભિગમ સાથે આગળ વધી રહી છે : વ્યાસ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના જમ્બો સંગઠ્ઠન માળખાની આજે વિધિવત ઘોષણા કરવામાં આવી છે.

જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસે જણાવ્યુ હતુ કે સૌને સાથે રાખી અને સર્વગ્રાહી સંગઠ્ઠન માળખાની રચના આગળ વધી રહ્યા છીએ.

સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ હતુ કે નવા સંગઠ્ઠનના માળખામાં ૧૨ ઉપપ્રમુખ, ૮ પ્રવક્તા, બે ખજાનચી, ૧૧ મહામંત્રી, ૧૧ સહમંત્રી, ૧૧ સંગઠ્ઠનમંત્રીઓ સાથે ૬૪ હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૨ સભ્યોની કારોબારી સભ્યો તરીકે

નવા વરાયેલા હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે યાકુબભાઈ મનસુરી, સુરેશ પટેલ (અડાલજ), કાળુસિંહ બિહોલા, નવનીતભાઈ શુકલ, પ્રદ્યુમનસિંહ રાઓલનો સમાવેશ થાય છે, જ્યારે પ્રવક્તાઓમાં અજીતસિંહ રાઠોડ, ગિરીશ રાવલ, સોનલબા ચાવડા, મહેન્દ્રસિંહ વાઘેલા (પેથાપુર) સુરેશભાઈ ચૌધરીનો સમાવેશ થાય છે.



કરવામાં આવી છે. આ નવી સંગઠ્ઠન માળખુ જમ્બો હોવાનો ઈન્કાર કરતાં આ બન્ને નેતાઓએ જણાવ્યું હતું કે વિદાય લેતી ટીમ કરતાં ઘણી ઓછી સંખ્યા આ માળખામાં છે.

નીશિત વ્યાસે જણાવ્યું હતુ કે જિલ્લાના વિસ્તાર અને વસ્તીમાં થયેલા વધારો તેમજ જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે તેથી રાજકીય સ્થિતિને પણ નવરચનામાં ધ્યાને લેવામાં આવેલ છે.

વ્યાસે જણાવ્યુ હતુ કે જિલ્લામાં હવે સંગઠ્ઠન આ નવી રચનાને અંતે મજબુત બનશે એટલુ જ નહિ પણ સમાજના તમામ વર્ગને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. સામુહિક નેતૃત્વની દિશામાં અમે નિમણુંક કરવામાં આવી છે. જે નિમણુંકો કરાઈ છે તેમાં ૨૦ ટકા મહિલાઓને સ્થાન આપવામાં આવ્યુ છે. જ્યારે ૩૦ ટકા યુવાનોને સ્થાન આપવામાં આવ્યુ છે.

નવા વરાયેલા હોદ્દેદારોને આગામી ૨૬મી ઓક્ટો.ના રોજ નિમણુંકપત્રો આપવાનો એક કાર્યક્રમ પણ યોજવામાં આવશે. સંગઠ્ઠન દ્વારા હવે પ્રજાભિમુખ કાર્યક્રમો અને લોકસંપર્કને જીવંત બનાવી અમે વિધાનસભાના જંગ માટેના શ્રી ગણેશ કરીશુ. દરેક તાલુકાને પણ સરખુ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યુ હોવાનો દાવો પણ ડાભીએ આ જાહેરાત કરતાં જણાવ્યું હતું.

મહામંત્રી તરીકે અરવિંદસિંહ સોલંકી, યુવરાજસિંહ રાણા, વિષ્ણુભાઈ પટેલ, સુહાગ પંચાલ, ઈન્દુબેન રાવલ તો મંત્રીઓમાં નિકુંજ પટેલ, શિવાભાઈ ચૌધરી, નરેન્દ્રસિંહ ડાભી, અશોકસિંહ ગોહિલ, ગણપતસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે.

સહમંત્રીઓમાં અશ્વિનભાઈ પટેલ, કનુભાઈ ચૌધરી, જશવંતભાઈ પટેલ, જગતસિંહ ચૌહાણ, મિહિર પટેલ, મહમદસફી મેમણ ઉપરાંત સંગઠ્ઠન મંત્રીઓમાં કોદરજી ઠાકોર, અશ્વિન ઠાકર, હિંમતસિંહ પરમાર, વિરેન્દ્રસિંહ ઠાકોર, યોગેશ ગુર્જર, ભક્તિભાઈ પ્રજાપતિનો સમાવેશ થાય છે.



## વોલીબોલ સબ-જુનિયરમાં સાઈ ગાંધીનગર ચેમ્પિયન

ગાંધીનગરના સાઈ વેસ્ટર્ન સેન્ટર ખાતે ૩૯મી સબ જુનિયર ગુજરાત સ્ટેટ વૉલીબોલ ચેમ્પિયનશીપ ૨૦૧૬ તાજેતરમાં યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં કુલ ૩૧ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં બૉયઝની ૧૮ ટીમો અને ગર્લ્સની ૧૩ ટીમો હતી. આ સ્પર્ધામાં બૉયઝની ટીમે પ્રથમ ક્રમે વિજેતા બની ચેમ્પિયનશીપ જીતી લીધી છે. સાઈ ખાતે યોજાયેલ ૩૯મી સબ જુનિયર ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશીપ-૨૦૧૬માં બૉયઝ વિભાગમાં સાઈ ગાંધીનગરની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી જ્યારે અમદાવાદ સીટી ટીમ રનર્સઅપ રહી હતી. આ સ્પર્ધામાં ગર્લ્સ વિભાગમાં જુનાગઢ જિલ્લાની ટીમ વિજેતા બની હતી. જ્યારે એસએજી નડિયાદની ટીમ રનર્સઅપ બની હતી. આ ટૂર્નામેન્ટના અંતે સાઈના હેન્ડબૉલની રમતના કોચ શશિ મોહન ધુમાલના હસ્તે વિજેતા ટીમને ટ્રોફી મેરિટ સર્ટિફિકેટ તથા મેડલ્સ એનાયત કરાયા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય ખેલાડી રૂતુલ પટેલ તથા રાજીવ નાયડુ ઉપસ્થિત રહ્યા હતા.

# પાસના દિનેશ બાંભણીયાને ફોન પર ધમકી મળી

### આગામી કાર્યક્રમના બેનર લગાવડાવેલ છે તે ઉતરાવી દેજો નહીતર જોવા જેવી થશે

ગાંધીનગર, તા. ૨૪

પાટીદાર અનામત આંદોલન સમિતિના કોર કમિટીના સભ્ય દિનેશ બાંભણીયાને આજે બપોરના સુમારે અજાણ્યા નંબર પરથી કોઈ શખ્સે આગામી કાર્યક્રમના બેનર લગાવ્યા છે. તે ઉતરાવી લેજો નહીંતર જોવા જેવી થશે તેવી ધમકી આપતા પાસના સભ્ય દિનેશ બાંભણીયાએ સે. ૭ પોલીસ મથકે આ અંગે યોગ્ય કરવા ફરિયાદ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ પાસના સભ્ય દિનેશ બાંભણીયા પોતાના ઘરેથી ગાંધીનગર કામ અર્થે આવ્યા હતા તે દરમિયાન બપોરે ૧.૩૭ કલાકે તેઓના મોબાઈલ નંબર પર કોઈ અજાણ્યા નંબર પરથી શખ્સે પોતાની ઓળખ રઘાભાઈ તરીકે આપી હતી અને તમો આગામી તા. ૩૧-૧૦-૧૬ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિના કાર્યક્રમ અંગેના બેનર જે લગાવવામાં આવ્યા છે તે તમોએ લગાવડાવેલ છે અને તમો પાટીદાર અનામત આંદોલન ફરીથી કરવાના છો તે બાબતે હવે પછી કંઈ કરવું નહી. અને લગાવડાવેલ બેનરો ઉતરાવી લેજો નહીંતર જોવા જેવી થશે તેવી ગર્ભિત ધમકી પાસના દિનેશ બાંભણીયાને મળતા તેઓએ આ અંગે સે. ૭ પોલીસમથકે અરજી આપી યોગ્ય કરવા રજુાત કરી છે.



## ચિલોડા સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ભુલકાંઓએ પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી

ચિલોડા-હિંમતનગર હાઈવે માર્ગ પાસે ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર શાળાના નાના ભુલકાઓ સ્કૂલ ડ્રેસમાં ચિલોડા પોસ્ટ ઓફિસની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. દરેક બાળકોએ રંગબેરંગી ચિત્રો દોરેલા પોસ્ટકાર્ડ ટપાલ પેટીમાં શિસ્તબદ્ધ રીતે પોસ્ટ કરી પ્રત્યક્ષ જ્ઞાન અને અનુભવ મેળવ્યો હતો. આ મુલાકાતમાં શાળાના બાળકો સ્કૂલવાનમાં શિક્ષિકા બહેનો સાથે આવી ઔપચારિક મુલાકાતથી ખુશખુશાલ બન્યા હતા.

# ધી જૂનાગઢ કો.ઓ. બેંક લી.ના હોદ્દેદારો બીનહરીફ ચૂંટાયા

જૂનાગઢ, તા. ૨૪

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી.ની આજરોજ તા. ૨૨-૧૦-૨૦૧૬ના રોજ બેંકના પૂર્વ ચેરમેન ડોલરભાઈ કોટેચાના અધ્યક્ષ સ્થાને મળેલ મીટીંગમાં બેંકના હોદ્દેદારોની ચૂટણી યોજવામાં આવી હતી અને ડોલરભાઈના પ્રયત્નોથી આ ચૂંટણી બીનહરીફ થવા પામેલ હતી. જેમાં ચેરમેન તરીકે વિદ્વાન એડવોકેટ અને જૂનાગઢના બાર એસોસીએશનના અધ્યક્ષ પી.ડી. ગઢવી બીન હરીફ ચૂંટાઈ આવેલ છે. તેવી જ રીતે બેંકના એમ.ડી. તરીકે નિવૃત્ત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીના ક્લાસ વન અધિકારી વી.કે. ભટ્ટ બીન હરીફ ચૂંટાઈ આવેલ છે. ઉપરાંત વાઈસ ચેરમેન તરીકે સીએ ગોલ્ડ મેડાલીસ્ટ આશિષભાઈ માંકડ બીન હરીફ ચૂંટાઈ આવેલ છે.

આજના રાજકીય યુગમાં હોદ્દેદારોની ચૂંટણી બીનહરીફ થવી તે એક સ્વપ્ન જેવું છે. આ બેંકની ચૂંટણી સમરસ થતાં બેંકના શુભેચ્છકો, થાપણદારો, સભાસદો વિગેરે દ્વારા ખૂબ મોટી સંખ્યામાં ચૂંટાયેલા હોદ્દેદારો ઉપર અભિનંદનીય વર્ષા થઈ હતી. ચૂંટાયેલા હોદ્દેદારોએ ડોલરભાઈ કોટેચાનો ખૂબ ખૂબ આભાર માનેલ હતો અને ખાતરી આપેલ હતી કે તેઓના ઉપર મુકેલ વિશ્વાસને સાર્થક કરશું અને બેંક દિન-પ્રતિદિન અવિરત પ્રગતીની સાથોસાથ ગ્રાહકલક્ષી ઝડપી સેવાઓ પુરી પાડશે.

# સાતમા પગારપંચની માંગણી બાબતે બોર્ડ-નિગમના કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકારે રાજય સરકાર પંચાયત તેમજ પેન્શનરોને સાતમા પગાર પંચનો લાભ તા. ૧-૮-૨૦૧૬થી પગારમાં આપ્યો છે. મુખ્યમંત્રી અને નાણાં મંત્રી સાથે રૂબરૂ રજૂઆત કરવા છતાં આ કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આજ દિન સુધી ન આપતા સંકલન સમિતિના અધ્યક્ષ અનેક હોદ્દેદારોએ તથા આશરે ૩૦૦ કર્મચારીઓએ તેમને સાતમા પગાર પંચનો લાભ આપવા બાબતે તા. ૨૪-૧૦-૨૦૧૬ના રોજ બપોરે ૨.૦૦ કલાકે જુના સચિવાલય ખાતે



પરંતુ રાજ્ય સરકારે બોર્ડ નિગમ તથા ગ્રાન્ડેડ સંસ્થાઓ અને વર્કચાર્જ કર્મચારીઓ, રોજમદાર કર્મચારીઓને ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિની વારંવાર રજૂઆત કરવા છતાં તેમજ નાયબ વિષ્ણુભાઈ પટેલ, કર્મચારી મહામંડળના પ્રમુખ કાર્તિક ત્રિવેદી, મહામંત્રી આર.એચ. પટેલ તથા બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવીણભાઈ સુતરીયા, મહામંત્રી રામસિંહ પરમાર તથા સૂત્રોચ્ચાર કરી સરકાર અને અવરોધ કરનાર અધિકારીઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં કર્મચારીઓ અને વિવિધ મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## અદલ પલાંઠી... ● ૪ પાનાનું ચાલુ...

● ૪ પાનાનું ચાલુ...

ભટકવાની નહીં પણ અટકવાની ઈચ્છા હોય છતાં તે મુજબ તે કરી શકે તેમ હોતો જ નથી. આચાર્ય કહે એટલે કરવું જ પડે. ખૂબજ ભાવુક અને આજ્ઞાકારી આ શિક્ષકને દ્વિચક્રી વાહનયોગ નસીબવંતો હોય છે.

પત્રકશિક્ષક બિચારો હોય, તે માત્ર પત્રકો જ બનાવ્યા કરે. હાજરીપત્રક, સ્કોલરશીપપત્રક, પગારબીલપત્રક, ત્રિમાસિક પત્રક, એકંદરીપત્રક વગેરે વગેરે. આ શિક્ષકની લાક્ષણિકતા એ કે તેના અક્ષર ખૂબ જ સારા હોય, વડી કચેરી પણ તેના સુરેખ અક્ષરોની પ્રશંસા કરે. તેની બાળકોને ભણાવવાની અદમ્ય ઈચ્છા હોવા છતાં તેને પત્રકોમાં જ માંથુ ખોસીને બેસી રહેવું પડતુ હોય છે.

રાજકારણી શિક્ષકની તો વાત જ નિરાળી. તેમના ફોન હંમેશા રણકતા હોય છે. આજે મંત્રીનો ફોન તો કાલે સચિવનો. બસ તેમના વગર ગામનુ રાજ-કાજ સૂનું રે સૂનું. તેમની ઓળખાણો જબરી. શાળાનું કંઈપણ કામ અટક્યું હોય તો તે પોતાની ઓળખાણથી પૂરું કરાવી દે. અધિકારીઓ તેમનાથી પરિચિત હોય, એટલું જ નહિ આવા શિક્ષકો પરોપકારી પણ હોય શિક્ષણ સાથે લેવાદેવા ન હોય તેવા કામો પણ પતાવી આપે. વડી કચેરીમાંથી આવતા અધિકારીઓને 'સાચવી' લેવાનું અગત્યનું કામ તેમનું.

કેટલાક શિક્ષકો વિદ્યાર્થી પ્રિય હોય તેમને માત્ર ભણાવવામાં રસ પડે. ભણાવવા સિવાયના અન્ય કામોમાં તેઓ સદંતર નિષ્ફળ સાબિત થતા હોય. શિક્ષણમાં નવા પ્રયોગો કરે. વિદ્યાર્થીને માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવામાં જીવન વિતાવી નાખે. વર્ગખંડમાં ભણાવવું એ જ તેમની પ્રભુભકિત અને એ જ દેશભકિત. આવા શિક્ષકો કોઈ પુરસ્કાર કે એવોર્ડના મોહતાજ નથી હોતા.

શિક્ષકોને માત્ર 'ભણાવવાનું જ' કામ ક્યારે મળશે ? બાળકોનું હિત ક્યારે જોવાશે ? શિક્ષકની પાસે 'અધ્યયનઅધ્યાપન' એક માત્ર કાર્ય રહી જશે ત્યારે ગુણોત્સવની જરૂર નહિ પડે.

મિસરી

સત્વહિન અને નિષ્ઠાવગરના શિક્ષકો રાષ્ટ્ર માટે આપત્તિ સમાન છે.

\- અજ્ઞાત

# વાયબ્રન્ટ સમિટ પરિણામલક્ષી બને તેવા બધા પ્રયાસો જારી છે

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ની એડવાઈઝરી કમિટીની બેઠક આજે ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. આ વર્ષની ગ્લોબલ સમિટ રાજયની આર્થિક પ્રગતિમાં વધુ ઉત્સાહજનક પરિણામકારી બને તે દિશામાં આયોજન વિચાર પરામર્શ આ બેઠકમાં કરવામાં આવ્યો હતો. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી વાયબ્રન્ટ સમિટમાં વ્યાપક પ્રમાણમાં દેશ વિદેશના ઉદ્યોગકારો સહભાગી થાય અને યુવાધન માટે રોજગારીની વિપુલ તકોને અવકાશ મળે, યુવા ઉદ્યોગ સાહસિકોને નવી તક મળે તે અંગે પણ ફળદાયી વિચારણા હાથ ધરાઈ હતી. મુખ્યમંત્રીએ આ વર્ષની વાયબ્રન્ટ સમિટમાં ધણી જ નવીનતાઓ પણ સામેલ કરી છે અને પ્રધાનમંત્રીના માર્ગદર્શનમાં આ સમિટને ભવ્ય સફળતા અપાવવાના કાર્ય આયોજનોને આખરી ઓપ અપાઈ રહ્યો છે તેની વિગતો ઉદ્યોગ વિભાગ દ્વારા એડવાઈઝરી કમિટિને આપવામાં આવી હતી. ૨૦૧૭ની આગામી વાયબ્રન્ટ સમિટમાં પ્રથમવાર નોબેલ પ્રાઈઝ વિનર્સ ઉદ્યોગોને સ્પર્શતા શોધ-સંશોધનો કરનારા તજજ્ઞોને આમંત્રિત કરવાનો નવતર પ્રયોગ કરવો છે. પાંચ અઠવાડિયા સુધી નોબેલ દ્વારા પ્રદર્શનો યોજીને રાજ્યના યુવાનોમાં નવતર પ્રગતિ અને સામાજિક, આર્થિક પ્રગતિમાં નિવેશ તથા ક્રિએટીવીટી પ્રત્યેના રસને પ્રોત્સાહિત કરવાનો આ ગુજરાત પ્રયોગ સફળતાને વરશે. આ વર્ષના વાયબ્રન્ટ સમિટમાં એમએસએમઈ સેક્ટરની વિશેષ ભૂમિકા રહેવાની છે. એડવાઈઝરી કમિટીની આ બેઠકમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું કે, આ સમિટમાં ઉદ્યોગ ક્ષેત્ર સહિતના સેવા ક્ષેત્રો, પર્યાવરણ, વીજ પુરવઠો, રોડ કનેકટીવીટી, પોર્ટ વ્યવસ્થાપન, સ્કીલ્ડ મેનપાવર વગેરેની સિધ્ધિઓ, સફળતાઓને ઉજાગર શો-કેસ કરવા દરેક સેક્ટરના ઉદ્યોગકારો માટે વિશેષ વ્યવસ્થા કરવાનું વિચારાયું છે.

# શહેરમાં રાજ્યકક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજાઈ

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશન અને ગુજરાત સ્પોર્ટસ એકેડમી દ્વારા એસ.એસ.વી. કેમ્પસ, સેક્ટર-૩-બી ગાંધીનગરના સહયોગથી રાજ્યકક્ષાની જુનિયર અને સિનિયર ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન તા. ૨૩-૧૦-૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું.



સ્પર્ધાના ઉદ્દઘાટન પ્રસંગે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ ડૉ. અશોક રાવલ, રમતજગત મેગેઝીનના તંત્રી ભુપેન્દ્રભાઈ શ્રોત્રિય, એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મનીષકુમાર સોલંકી, ચેરમેન ભરતજી ઠાકોર, દાહોદ જિલ્લાના જિલ્લા રમતગમત અધિકારી વિરલ ચૌધરી, એસ.એસ.વી. કેમ્પસના ડાયરેક્ટર દિપક મિસ્ત્રી, ટી.સી.એસ.ના જતિન પ્રજાપતિ, સુરેન્દ્રનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશનના મંત્રી હિંમતજી ઠાકોર, ફેન્સીંગ કોચ સંદિપ શર્મા અને વિવિધ જિલ્લાના પદાધિકારીઓ અને કોચીજ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજેતા તમામ ખેલાડીઓને ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશનના પ્રમુખ સંજીવ મહેતા અને ચેરમેન ડી.એન. વાટલીયાએ અભિનંદન પાઠવ્યા છે. સ્પર્ધાના આયોજનમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના વ્યાયામ શિક્ષિકા લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ અને વિનાક્ષીબેન સુતરીયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગરે ૧૩ વિજેતા ક્રમાંક મેળવ્યા

ગાંધીનગરમાં યોજાયેલ ૪૭મી રાજ્ય ફેન્સીંગ ચેમ્પિયનશીપ ૨૦૧૬-૧૭માં જુનિયર અને સિનિયર એમ બે વિભાગમાં બોયઝ અને ગર્લ્સ માટે સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધા ફોઈલ, ઈપી અને સેબર કેટેગરી માટે યોજાઈ હતી. દરેક વિભાગની અલગ અલગ કેટેગરીના કુલ ૪૨ વિજેતાઓમાં ગાંધીનગર શહેરના ખેલાડીઓએ વિજેતા ક્રમ મેળવ્યો હતો. જુનિયર બૉયઝમાં ઈપીમાં યજ્ઞેશ પટેલે પ્રથમ, ક્રમાંક અને હાર્દિકજી ઠાકોરે ફોઈલમાં તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. જુનિયર ગર્લ્સમાં સેબરમાં કિંજલ ઠાકોરે પ્રથમ તથા નેહા શાહ અને રિયાએ તૃતીય ક્રમાંક, ઈપીમાં પાર્વતિ ઠાકોરે અને માયા ચૌધરીએ તૃતીય ક્રમાંક તથા ફોઈલમાં પિનલે તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. સિનિયર પુરૂષ વિભાગમાં ઈપીમાં યજ્ઞેશ પટેલે પ્રથમ, હિંમતજી ઠાકોરે તૃતીય અને હાર્દિકજી ઠાકોરે ફોઈલમાં તૃતીય ક્રમાંક મેળવ્યો હતો. જ્યારે સિનિયર મહિલા વિભાગમાં ઈપીમાં ભાવિકાએ દ્વિતિય તથા કિંજલ ઠાકોરે તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યા હતા.